# GANDHINAGAR MUNICIPAL CORPORATION

Gandhinagar Mahanagar Seva Sadan First Floor, M.S. Building, Nr.Family Court, Sector-11, Gandhinagar-382011

## (Form NO. D)

## Development Permission

Permission is hereby granted under Section 29(1)(i)/29(1)(ii)/29(1)(iii), 34, 49(1)(b) of the Gujarat Town Planning and Urban Development Act, 1976 / under Section 253 of Gujarat Provincial Municipal Corporation Act, 1949.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Application No.** | : | 008BDP22230055 | **Date** | : | 14/06/2022 |
| **Development Permission No** | : | 008LD22230004 | **ODPS Application No.** | : | ODPS/2022/053519 |
| **IFP Application Number** | : | N.A | | | |
| **Application Type** | : | AMALGAMATION | | | |
| **Architect/Engineer No.** | : | 1114ER0612230116 9 | **Architect/ Engineer Name** | : | SHASHIN KANUBHAI PATEL |
| **Owner Name** | : | PRABHUDAS CHIMANBHAI PATEL AND OTHERS | | | |
| **Owner Address** | : | F.P.NO. 66,69, DTPS NO. 409/B, NR. VIVVAN INFINITY, ZUNDAL , GANDHINAGAR - 382421 | | | |
| **Applicant/ POA holder's Name** | : | PRABHUDAS CHIMANBHAI PATEL AND OTHERS | | | |
| **Applicant/ POA holder's Address** | : | F.P.NO. 66,69, DTPS NO. 409/B, NR. VIVVAN INFINITY, ZUNDAL 382421 | | | |
| **Administrative Ward** | : | DEFAULT WARD | **Administrative Zone** | : | DEFAULT ZONE GNR |
| **District** | : | GANDHINAGAR | **Taluka** | : | GANDHINAGAR |
| **City/Village** | : | ZUNDAL | | | |

Signature valid

Digitally signed by PARMAR BHAUMIK HARESHKUMAR
Date: 2022.06.28 17:40:19 IST
Reason:
Location:

JUNIOR TOWN PLANNER

GANDHINAGAR MUNICIPAL CORPORATION

Certificate created on 28/06/2022

| | | | | | |
|---|---|---|---|---|---|
| **TP Scheme/ Non TP Scheme Number** | : | 409/B | **TP Scheme/ Non TP Scheme Name** | : | ZUNDAL |
| **Revenue Survey No.** | : | 340/7,340/12/1P,341/2P | **City Survey No.** | : | |
| **Final Plot No.** | : | 66,69 | **Original Plot No.** | : | 66/1,66/2,69 |
| **Sub Plot no.** | : | N.A | **Tikka No. / Part No.** | : | N.A |
| **Block No/Tenement No** | : | N.A | **Sector No. / Plot No.** | : | N.A |
| **Site Address** | : | F.P.NO. 66,69, DTPS NO. 409/B, NR. VIVVAN INFINITY, ZUNDAL,GANDHINAGAR-382421. | | | |

| **Existing Plot Details** | | | | |
|---|---|---|---|---|
| **Plot Number** | **Gross Plot Area** | **Deduction Area** | **Deduction For** | **Net Plot Area** |
| F.P. NO. 66 | 1282.92 | 0.00 | N.A | 1282.92 |
| F.P. NO. 69 | 574.05 | 0.00 | N.A | 574.05 |
| **Amalgamation Plot Details** | | | | |
| **Plot Number** | **Gross Plot Area** | **Deduction Area** | **Deduction For** | **Net Plot Area** |
| PROPOSED AMALGAMATED OF F.P.NO.66+69 | 1857 | 0 | N.A | 1857 |

**Development Permission Valid from Date** : 28/06/2022

**Note / Conditions :**

1. .,

Signature valid

Digitally signed by PARMAR BHAUMIK HARESHKUMAR
Date: 2022.06.28 17:40:24 IST
Reason:
Location:

Certificate created on 28/06/2022

JUNIOR TOWN PLANNER

GANDHINAGAR
MUNICIPAL
CORPORATION

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ, સેકટર-૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦, ફેકસ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email : gmc8gandhinagar@gmail.com

નમૂના - ઘ ( નિયમ - ૧૦ )

## <u>વિકાસ માટે પરવાનગી</u>

**<u>શ્રી શિવાય બિલ્ડકોન પાર્ટનર વતી હિતેશકુમાર પી. પટેલ.</u>**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ - ૨૯ (૧), ૩૪, ૪૯ (૧) (ખ), ધી ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ ની કલમ – ૨૫૩, ૨૫૪ હેઠળ મોજે ગામ:- **ZUNDAL** તાલુકો: **GANDHINAGAR** જીલ્લો: **GANDHINAGAR** નગર રચના યોજના નંબર:-**T.P-409/B (ZUNDAL)** રે.સ.નં./પ્લોટ નંબર**- 340/7, 340/12/1/P, 341/2/P.** હિસ્સા નં---- મુળખંડ નં-**66+69**, અંતિમખંડ નં- **66+69**, સબ પ્લોટ નં. **--**, ટેનામેન્ટ નં.---, બ્લોક નં--, માટે **1857.00** ચો.મી. જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધિન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

કામનુ વર્ણન :

| અ.નં. | ફ્લોર | વિકાસનું ઉપયોગી (ચો.મી.) | વિકાસનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|---|
| 1 | 2BASEMENT | 937.76 | PARKING | --- | - PERMI. F.S.I. = 3342.60 SQ.MT.<br>- CHARGEABLE F.S.I. = 1671.30 SQ.MT.<br>- TOTAL USED F.S.I.- 5013.90 SQ.MT.<br>- COMMERCIAL UNITS : 14<br>- RESIDENTIAL UNITS : 78<br>- T.D.R F.S.I = 2308.66 SQ.MT<br>- TOTAL UNITS : 92 |
| 2 | 1BASEMENT | 1220.01 | PARKING | --- | |
| 3 | GR. FLOOR | 748.94 | SHOP + PARKING+SOC COMMON AMENITY | 14 | |
| 4 | 1ST FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 5 | 2ND FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 6 | 3RD FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 7 | 4TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 8 | 5TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 9 | 6TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 10 | 7TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 11 | 8TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 12 | 9TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 13 | 10TH FLOOR | 572.90 | RESIDENTIAL | 06 | |
| 14 | 11TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 15 | 12TH FLOOR | 661.10 | RESIDENTIAL | 06 | |
| 16 | 13TH FLOOR | 572.90 | RESIDENTIAL | 06 | |
| 17 | 14TH FLOOR | 194.69 | RESIDENTIAL | -- | |
| 18 | STAIR CABIN | 72.93 | --- | -- | |
| 19 | L.M.R & O.H.W.T. | 48.92 | --- | -- | |
| | TOTAL | 11729.35 | | 92 | |

માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ મંજુર કર્યા મુજબ
ક્રમાંક : પી.આર.એમ./GMC/૫૦૫/ઝુંડાલ-૪૦૯-બ/૦૭/૨૦૨૨/૯૯-૧૯૫
વપરાશ : વાણિજ્ય+ રહેણાંક (RAH)
તારીખ : ૦૭/૧૦/૨૦૨૨

જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

**ખાસ શરતો :**

૧. વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતાં પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં.૨(ડી) નું એનેક્ષર સ્ટ્રક્ચરલ ડ્રોઈગ્સ, વર્કીંગ ડ્રોઈગ્સ તથા સોઇલ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમોનુસાર રજુ કરવાના રહેશે.

૨. બાંધકામના નીચેના દરેક તબક્કે ફોર્મ નં ૬(એ) થી ૬(ડી)માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબક્કાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે
   અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા.
   બ. પ્રથમ માળનાં બાંધકામ વખતે.
   ક. છેલ્લા માળનાં બાંધકામ વખતે.

૩. જી.ડી.સી.આરની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯-૦૫-૨૦૦૧ના સ્ટ્રકચર સેફ્ટી અંગેના વિનિમય નં. ૩ અનુસાર બાંધકામ સ્થળની જરૂરિયાતોની જોગવાઈઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરુ કરાવવાનું રહેશે.

૪. સેપ્ટીક ટેંક તથા સોકવેલ ની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈએસ ૨૪૭૦)તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક બાયખન્ના મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવાના રહેશે.તે અનુસારની જોગવાઈ કરવાની જવાબદારી આર્કિટેકટ/ ઈજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/ક્લાર્ક ઓફ વર્કસ/સાઈટસુપરવાઈઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

૫. વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળે સક્ષમન સત્તાધિકારીશ્રી/અધિકારીશ્રીના સ્થળ તપાસ તથા બાંધકામ ચકાસણી અર્થે ઉપલબ્ધ રાખવાના રહેશે.

૬. બાંધકામ પુર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરુ કરતા પહેલા નિયમાનુસાર અત્રેથી બાંધકામનાં વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરુ કરવાનો રહેશે.

૭. ભોંયરાનું ખોદાણ/ બાંધકામ કરતી વખતે કોઈ સ્પેશીયલ (ખાસ) પ્રકારનું જોખમ જણાય તો સાવચેતીનાં પગલા ભરવાના રહેશે તથા કઈ પણ પ્રકારનો અકસ્માત સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

**શરતો :**

૧. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો ગાંધીનગર મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઇસમોના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાના તેવા કૃત્યને લીધે જે નુકશાન/ખોટ કે હરકત થાય તેબદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહિ.

૨. આ પરવાનગીના કારણે અરજદારને માલિકી જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજૂરી મળતી નથી.પરંતુ બાંધકામ અંગેની મંજુરીઆપવામાં આવે છે.

૩. આ વિકાસ પરવાનગીથી ખાનગી હકો અંગે ગાંધીનગર મહાનગરપાલિકાની કોઈપણ જવાબદારી રહેતી નથી.

૪. મુસદ્દારૂપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમ ખંડની હદ,માપ, ક્ષેત્રફળ, તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફિસર દ્વારા ફેરફારને પાત્ર છે.

૫. પ્લોટની હદ,આંતરીક રસ્તા,કોમન પ્લોટમાં કોઈને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોએ ૨૦૦.૦૦ ચો.મી. જમીન વિસ્તાર દીઠ પાંચ વૃક્ષ ઉગાડવાના રહેશે.વૃક્ષોની ફરતે જરૂરિયાત મુજબ ટ્રી ગાર્ડ રાખી વૃક્ષોની સારસંભાળ રાખવાની જવાબદારી જમીન માલિક તથા વિકાસ પરવાનગીમેળવનારની રહેશે.

૬. લે-આઉટ માં દર્શાવેલ તમામ આંતરીક રસ્તાઓ પાકા કરવાના રહેશે.

૭. વખતો વખત ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક,હિતસંબંધ ધરાવતી વ્યક્તિ,સંસ્થા તેમજ અરજદારશ્રી ને બંધનકર્તા રહેશે.

૮. સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલા રજીસ્ટ્રેશન ધરાવતી કોઈ વ્યક્તિ બદલાય તો નવાજમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યક્તિની નિમણુંક ન થાય ત્યાં સુધી જી.ડી.સી.આર. ના વિનિમય મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહું દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

૯. સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ ના સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના એનેક્ષરના વિનયમ ૧૩.૧૪૩.૧૫ની જોગવાઈ અનુસાર ભુકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેનીસુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાંવપરાતા ઈમારતી માલ સામાનની ગુણવત્તા અને ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાતોની સલાહ સુચનો મુજબ પગલાં તમામ જવાબદારી આર્કીટેક/ઈજનેર/સ્ટ્રકચરલ-એન્જીનીયર / ક્લાર્ક ઓફવર્કસ / સુપરવાઈઝર / ડેવલપર / જમીન માલિકની રહેશે.

૧૦. આ વિકાસ પરવાનગી પત્રમંજુર આપ્યા તારીખથીબાર માસ સુધી જ અમલમાં રહેશે. જે સમયમર્યાદામાં બાંધકામ શરૂ કરવાનું રહેશે અન્યથા અધિનિયમની કલમ ૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદતવધારવાની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૧. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો ગાંધીનગર મહાનગરપાલિકા આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકાશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકાશે.

૧૨. જી.ડી.સી.આર.ના વિનિયમ ૩.૮ મુજબ અરજદારશ્રીએ ખોટીરીતે રજુઆત અથવા ખોટા દસ્તાવેજો પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ થયેલ ગણાશે.

૧૩. સદર પ્લોટ માટે ફાળવેલ સનદની તમામ શરતો બંધનકર્તા રહેશે.

૧૪. કોઈ સ્પેશીયલ પ્રકારનુ જોખમ જણાશે તો ફાયર અધિકારીની સુચના મુજબ કરવાનુ રહેશે.

૧૫. રીયલ એસ્ટેટ (રેગ્યુલાઈઝેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ,૨૦૧૬ની કલમ-૩ની જોગવાઈ મુજબ, રાજયમાં કોઈપણ વિકાસકાર(પ્રમોટર) રીયલ એસ્ટેટ પ્રોજેકટ જેવા કે, પ્લોટ, એપાર્ટમેન્ટ અથવા બિલ્ડીંગ અથવા તેના ભાગના વેચાણ માટે જાહેરાત, માર્કેટીંગ, બુકીંગ અથવા ઓફર માટેની કાર્યવાહી રાજ્ય સરકાર દ્વારા રચાયેલ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથોરીટી(રેરા) ની કચેરીમાં રજીસ્ટ્રેશન કરાવ્યા સિવાય કરી શકાશે નહી.

૧૬. આપશ્રીના બાંધકામ/ડીમોલેશન કાર્યક્રમ અન્વયે કેન્દ્ર સરકારના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ ની કલમ ૧૦૬ અને ૧૦૭ મુજબ ડસ્ટ મિટીગેશનની જોગવાઈઓ મુજબ કામ કરવાનું રહેશે. જેની તકેદારી આપના દ્વારા રાખવામાં આવશે.

૧૭. સુચીત આર્કીટેકચરલ પ્રોજેકશનલ અન્વયે સ્થળે હયાત બાંધકામે સી.જી.ડી.સી.આર. ના પાર્ટ-૨ ના ક્લોઝ ૬.૭.૩(૧૩) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૮. સી.જી.ડી.સી.આર. ના પાર્ટ-૩ ના કલોઝ નં.૧૩ મુજબ પ્લાનમાં સુચેલ ટુ-વ્હિલર તેમજ ફોર-વ્હિલર પાર્કિંગ સારૂ એકસેસ\એકઝીટની જગ્યા નિયમોનુંસાર સ્થળે જાળવવાની રહેશે.

૧૯. સદર પ્લોટમાં સ્થળે અપંગ વ્યકિતીઓ માટે સી.જી.ડી.સી.આર. ની જોગવાઈઓ મુજબ પાર્કિંગ તથા ટોઈલેટની વ્યવસ્થા તેમજ તે અન્વયે સી.જી.ડી.સી.આર. ના કલોઝ ૧૩.૭ મુજબ જરૂરી સાઈનેજીનું કાયમી જાળવવાની રહેશે.

૨૦. ભવિષયમાં ઓ.એન.જી.સી. કચેરીએથી પ્રશ્નવાળી જમીન માટે કોઈ અભિપ્રાય મળે તો તે બંધનકર્તા રહેશે.

૨૧. "મકાન અને અન્ય બાંધકામ કામદારો (રોજગારનું નિયમન અને સેવાની શરતો) ધારો-૧૯૯૬" હેઠળ દરેક માલિકે બાંધકામ પ્રવૃત્તી શરૂ કરવાના ૩૦ (ત્રીસ) દિવસ પહેલા સદર કાયદા હેઠળના નિયત ફોર્મ-૪ મુજબની નોટીસ તેમજ બાંધકામ શરૂ કર્યાના ૬૦ દિવસમાં જરૂરી સાઈટની નોંધણી "ડાયરેક્ટર ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી, ત્રીજો-પાંચમો માળ, શ્રમ ભવન, ધનહાઉસની બાજુમાં, ખાનપુર, અમદાવાદ-૩૮0001" ખાતે કરાવી તે અંગેનું પ્રમાણપત્ર મેળવી તેની નકલ અત્રેની કચેરીએ રજૂ કરવાની રહેશે.

૨૨. સ્થળે ગ્રાઉન્ડ લેવલ પર પ્રવેશ વિરોધ પાર્કિંગ તથા અન્ય ભાગોમાં સી.જી.ડી.સી.આર ની જોગવાઈ કલમ ૧૩.૧.૨, ૧૩.૧.૪ તથા ૧૩.૧.૬ મુજબ એક્સેસીબીલીટી ધ્યાને રાખી તથા નિયમોનુસાર ફ્રન્ટ માર્જીનનું પાર્કિંગ કોઈ પણ પ્રકારના લેન્ડસ્કેપીંગ બાદ જળવાઈ રહે તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૨૩. સદર રે.સ.નં- ૩૪૦/૭, ૩૪૦/૧૨/૧/પૈકી, ૩૪૧/૨/પૈકી અંતિમખંડ નં- ૬૬+૬૯માં અત્રેથી અપાયેલ વિકાસ પરવાનગીની તારીખે વર્તમાન દરો મુજબ ફિ વસૂલ લીધેલ છે. તેમ છતા ભરેલ ફીમાં શરત ચૂકે કોઈ તફાવત જણાય તો તે ફી ભરપાઈ કરવા અરજદારશ્રી ને બંધનકર્તા રહેશે.

૨૪. સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૦૧/૦૭/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક:બખપ-૧૦૦૬-૪૨૫-ક ની જોગવાઈઓ તેમજ આ અંગે આપશ્રીની કચેરીના સબંધીતો સાથે માન.મ્યુ.કમિશનરશ્રીની અધ્યક્ષતામાં તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ સર્વાનુમતે લેવાયેલ નિર્ણય મુજબ અત્રેની કચેરી ધ્વારા તા.૨૪/૦૬/૨૦૨૨ના પત્ર ક્રમાંક નં-ગાં.મ.ન.પા./ટા.પ્લા./૧૨૬૦૪/૨૦૨૨ થી કચેરીને જરૂરી ઓ.એન.જી.સી. અભિપ્રાય અર્થે પત્ર પાઠવ્યાની તારીખથી ૨૧ દિવસમાં કોઈ અભિપ્રાય રજૂ કરવામાં આવેલ નથી, તેમજ ૨૧ દિવસનો સમય પૂર્ણ થયેલ હોવા છતાં કોઈપણ પ્રકારનો વાંધો રજૂ કરવામાં આવેલ નથી. જેથી ઓ.એન.જી.સી. કચેરીને કોઈ વાંધો નથી તેમ માનવાનું રહે છે, તેમજ ભવિષ્યમાં આ અંગે કોઈ વાંધો, તકરાર કે બનાવની પરિસ્થિતી થશે તો તે અંગેની સઘળી જવાબદારી ઓ.એન.જી.સી. કચેરીની રહેશે.

માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ મંજુર કર્યા મુજબ

ક્રમાંક : પી.આર.એમ./GMC/૫૦૫/ઝુંડાલ-૪૦૯-બ/૦૭/૨૦૨૨ ૧૯૧૯૫

વપરાશ : વાણિજ્ય+ રહેણાંક **(RAH)**

તારીખ : ૪/૧૦/૨૦૨૨

જુનિયર ટાઉન પ્લાનર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

નકલ સવિનય રવાના : (૧) નગર રચના અધિકારીશ્રી, ઓફિસ નં.૨૭ થી ૩૦,
બીજો માળ, હિમાલયા બેઝનેસ સેન્ટર, સુભાષબ્રિજ,
આર.ટી.ઓ. સર્કલ અમદાવાદ. **(By RPAD)**